:- જાહેરનામું -:

ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક: વિશેષ શાખા/એ સેકશન/બ્લ્યુ વ્હેલ ગેમ/૭૯ /૨૦૧૭

વંચાણે લીધા :- (૧) ઉપ સચિવશ્રી ગૃહ મંત્રાલય નવી દિલ્હીના પત્ર ક્રમાંક :૨૫૦૧૩/૮૧/૨૦૧/પીએમ-૩, તા.૧૬/૦૮/૨૦૧૭.

(૨) ઇલેક્ટ્રોનિક અને સુચના પ્રાદ્યોગિકી મંત્રાલય, ભારત સરકારના પત્ર ક્રમાંક : ૧૪(૨)/૨૦૧૭-સીએલઈએસ, તા.૧૧/૦૮/૨૦૧૭.

(૩) ના.પો.અધિ.શ્રી સ્ટેટ કંન્ટ્રોલ રૂમ, ગાંધીનગરના પત્ર ક્રમાંક :જી-૧/કા.વ્ય./ટે-૨/ક્રાઇમ/૨૪૭૩/૨૦૧૭, તા.૨૩/૦૮/૨૦૧૭.

વિવિધ માધ્યમથી અમારા ધ્યાન ઉપર આવેલ છે કે, બ્લ્યુ વ્હેલ ગેમ/બ્લ્યુ વ્હેલ ચેલેન્જ કે આવા અન્ય નામથી સોશિયલ મિડિયા પ્લેટફોર્મ તથા ઇન્ટરનેટના વિવિધ કોમ્યુનિકેશન પ્લેટફોર્મના ઉપયોગ કરી ક્યુરેટર/એડમિનિસ્ટ્રેટર બનીને યુવાનોને આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. ઉપરોક્ત ગેમ/ચેલેન્જના ભાગ રૂપે ક્યુરેટર/એડમિનિસ્ટ્રેટર દ્વારા આપેલ ક્રમશ: સુચનાઓના અંતે આત્મહત્યા કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે. જેથી આવી પ્રવૃત્તિ થતી અટકાવવી જરૂરી છે.

વાસ્તે હું એ. કે. સિંઘ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨ ની) કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં જાહેર સલામતી અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુસર એવા કોઇપણ પ્લેટફોર્મ (બ્લ્યુ વ્હેલ ગેમ/બ્લ્યુ વ્હેલ ચેલેન્જ) મારફતે ક્યુરેટરના/એડમિનિસ્ટ્રેટરના રોલ પ્લે કરવા આત્મહત્યા માટે ઇન્ટનેટના માધ્યમથી દુષ્પ્રેરિત કરવા અથવા એવી ગેમ/કોમ્યુનિકેશનમાં ભાગ લેવા કે તેમા મદદરૂપ થવા પ્રતિબંધિત કરવામાં આવે છે. સાથો સાથ જે પણ વ્યક્તિને અમદાવાદ શહેર વિસ્તારમાં કોઇપણ અન્ય વ્યક્તિ એવી ગતિવિધિમાં ભાગ લે છે તેવું ધ્યાને આવે તો નજદીકના પોલીસ સ્ટેશનમાં અથવા પોલીસ કંન્ટ્રોલ રૂમમાં ઓછામાં ઓછા સમયમાં મૌખિક કે લેખિત જાણ કરવા હુકમ કરવામાં આવે છે.

જાહેર જનતાના તથા બાળકોના હિત માટે ઇન્ટરનેટ પ્રોવાઇડ કરતી તમામ મોબાઇલ કંપનીઓ તથા ગુગલ ઇન્ડિયા, ફેસબુક, વોટસએપ, ઇન્સ્ટાગ્રામ, માઇક્રોસોફ્ટ ઇન્ડિયા વિગેરે તમામ કંપનીઓએ બ્લ્યુ વ્હેલ ચેલેન્જ ગેમ તથા તેના નામને મળતી આવતી અન્ય ગેમોની કોઇપણ લીંક પોતાની કંપની મારફતે ઉપયોગમાં લેવાતી હોય તો તે તમામ લીંક તાત્કાલિક અસરથી હટાવી દેવાની રહેશે જેથી આવી ગેમના દુષ્પ્રેરણથી આપઘાત કરતા બાળકોને આપઘાત કરતા રોકી શકાય.

અપવાદ :- ગુનાની તપાસની કામગીરી તથા શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ જાહેરનામું લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસ બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. આ હુકમની જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. જી.પી.એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ તા.૦૮/૦૯/૧૭ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૬/૧૧/૨૦૧૭ ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૭ -૦૯-૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

(એ. કે. સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર